# રેલસંકટ પિડિતોનો આર્તનાદને કલાકારોનો જવાબ

ભારતના કળા અભ્યાસના ઈતિહાસમાં સૌથી પહેલાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાએ ૧૯૫૦ની સાલમાં વિશ્વવિદ્યાલયની કક્ષાએ કળા અભ્યાસ શરૂ કર્યો, અને ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ શરૂ થઈ. તે પહેલાં પાશ્ચમાત્ય વિદ્યાલયોમાં ચાલતી કળાના અભ્યાસના ધોરણ ઉપર

## કલા

અભ્યાસ ચાલતો હતો, અને પ્રાથમિક શિક્ષણ મનુષ્યના શરીર રચના અને રૂઢીગત કુદરતી દ્રશ્યોના ચિત્રોને વધારે સ્થાન હતું. સિવાય કે ઉક્ત શાંતી નિકેતનમાં ભારતીયકળા સંસ્કૃતિનું શિક્ષણ આપવાનું ધોરણ જળવાયેલું હતું. ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ આધુનિક કળા ઉપાસનાની રીતે અમેરિકા તથા જર્મનીના બહુઆની શિક્ષણ સંસ્થાઓમાં અપાતા શિક્ષણ આધાર ઉપર આપવામાં આવતી હતી. મૌલિક વિચાર શરણીથી જેઈઓ એ રીતે વાતાવરણ ઉભુ કરી કળાનિર્માણના પ્રયોગો જુદી જુદી રીતે થઈ શકતા, તદઉપરાંત આમાં પ્રયોગાત્મક શિક્ષણ તથા દુનિયાની કળાના ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવતો, અને તેમાં પણ ભારતીયકળા સંસ્કૃતિ એ એક તેનું મુખ્ય અંગ હતું.

ધંધાદારી કળાકારો અને પ્રજા બંને સંપર્કમાં આવે તે હેતુથી દર વર્ષે આ ફેકલ્ટી એક સંમેલન યોજે છે. જેમાં વિદ્યાર્થીઓ તથા નોકરીયાત માણસો પણ પોતે રમકડાં તેમજ રંગરોગાન છાપેલાં કળાકૌશલ્યભર્યા કાપડના નમુનાઓ, બરણીના ઉપરના ઢાંકણ અભિનંદનપત્રો વગેરે કિફાયત ભાવે વેચે છે. ચિત્રકામના તથા છાપકામના નમુનાઓ જુદા જુદા વેચાણ વિભાગો બનાવી વેચાણ તથા હરાજી કરવામાં આવે છે. કઠપુતળીનાચ જેવા તથા નાના સંગીત કાર્યક્રમ ગોઠવી લોકોનો સત્કાર કરવામાં આવે છે, આ સંમેલન કેટલાય વર્ષોથી વાર્ષિક સંમેલન નિયમિત ભરવામાં આવે છે, જેથી વડોદરાની જનતા તેની આતુરતાપુર્વક દર વર્ષ રાહ જુએ છે. અને આની ઉપજ વિદ્યાર્થીઓ માટેના સતકાર્ય માટે વાપરવામાં આવે છે. અને અમુક થોડો ભાગ દર વરસે દેશમાં ઉપસ્થીત થતા રેલસંકટમાં રાહત તરીકે આપવામાં આવે છે.

અત્યારે જે પ્રદર્શન યોજવામાં આવ્યું છે. તે આ સંસ્થામાં ચાલતી વિવિધ-પ્રવૃત્તિઓના નમુનારૂપ નથી પણ ગુજરાત રેલસંકટ રાહત માટે જે ફંડ ઉભું કરવાનું છે તેને માટે અહી કામ કરતા સ્ટાફના માણસો તથા વિદ્યાર્થીઓએ જાતે મહેનતથી આ નમુનાઓ

આવક એમ. એસ. યુનિવર્સીટી રેલ રાહત ફંડમાં જશે. અહી જણાવવું અસ્થાને નહિ ગણાય કે આ ફેકલ્ટીએ રૂ. ૩૦૦૦ રેલ રાહતમાં ક્યારનાયે આપી દીધા છે. અને અભિનંદનપત્રો વગેરે વેચીને બીજા રૂ. ૧૦૦૦-પણ તે ફંડમાં આપ્યા છે. સર્વ કલાકારોની ઈચ્છા છે કે પોતપોતાની સામાન્ય ધંધાકીય પ્રવૃત્તિ થકી આ પ્રદર્શનમાં કૃતિઓ મુકી તેમાંથી આવક કરી અને તે આવક રેલરાહત ફંડમાં આપવાની છે.

અમને આશા છે કે અમદાવાદની પ્રજા આ પ્રદર્શનમાં રસ લેશે અને તેમાં ઉદાર હાથે ફાળો આપી સારામાં સારી કળાના નમુનાઓ આ ઇચ્છાને રજુ થાય મજ તેમાં ખરેલા પૈસા એક ઘણા સારા માર્ગે જાય છે તેમ માની તેમ બમણો સંતોષ લઈ શકશે



હારૂન ખિમાણી

જનશક્તિ

# રંગદર્શી કલાકાર ખિમાણી

શોભાત્મક (Decorative) લાગતી આ કૃતિઓને 'મેનથન ઈન રૂઈન્સ' જેવા ભડકામણા નામો આપવાથી કલાકારના મનમાં યુક્તિ લડાવવાની રહેલી વૃત્તિ પ્રગટ થઈ જાય છે, અને નિર્ભેળ આનંદ પિરસવાનો હેતુ પણ જોખમમાં મૂકાય છે.

### ચાર કોલ ક્રેયોન

ચાર કોલમાં એમની રેખાંકનની શક્તિ દેખાઈ આવે છે. અહીં આયોજન પણ સમતોલ અને શિષ્ટ રહ્યું છે. નં. ૧૭માં મેજેસ્ટિક ડીઝાઈન જેવી શિર્ષક યુક્તિ અજમાવીને મેજેસ્ટિક ગુલાંટ ખાધી છે વળી પ્રકાશ યોજના પણ ફોટોગ્રાફી જેવી છે, એટલે રચના પાતળી અને ઊંડાણ વગરની લાગે છે. કેમ કે જાણે ફોટો ઉપરથી ચિત્ર રચ્યું હોય ? ચિત્રમાં દરેક ચિજનું પરિમાણ એના મુલ્યમાં ઉમેરો કરે છે.

નં. ૩ માંનું છાયાચિત્ર નક્કર છે અને આયોજન સુંદર છે. તારની વાડ જેવી આકૃતિ એમાં ક્યાનું તત્ત્વ ઉમેરે છે એટલે રહસ્યમય હોય એવી કલ્પના ઉભી કરે છે, વધુ રસપ્રદ લાગે છે, નં. ૧૭, ૨૦માં રંગો ઝાંખાને કંટાળાજનક છે. બ્રોકન બ્યુટી નામ પણ અર્થહીન છે. બ્યુટી

### તૈલ ચિત્રો

રંગચિત્રો ખરેખર મનોરંજક હોવા છતાં પણ એમાંના રંગતત્ત્વને બાદ કરતાં ઘણી બાબતો એમાં ખૂટે છે. એક તો રંગની હથોટીમાં સરખાપણું નથી, નાઈફનો ઉપયોગ પણ ખૂબ બેદરકારી અને શૈલીની જાગ્રતિ વિના કર્યો છે. ક્યાંક તો એ સાવ ઉપર છલ્લો જ લાગે છે. દરેક વસરકો જો સર્જકની શૈલીનો પ્રતિનિધિ ન હોય તો એ સુંદર અને સંપૂર્ણ સર્જનમાં આડખીલારૂપ બની જાય છે. એને કારણે ટેકનિકની દક્ષતા ઘટે છે. રંગપૂરણી એમાં એટલી બધી વરેલી છે કે આ બધાય દોષો એમાં ઢંકાઈ જાય છે. લયની કલ્પના પણ ખૂબ સમૃધ્ધ રીતે એમની પીંછીમાં રહેવા પામી છે.

નં. ૧૪ લેન્ડસ્કેપમાં રંગનો અતિરેક રસભંગ જન્માવે છે. નં. ૧૧માં પણ એજ મૂંઝવણ છે, આ



'કન્સ્ટ્રક્શન' કૃતિની રચનામાં ગુંચવાડો થયો છે આવિષ્કાર બહુ નિર્બળ બન્યો છે નં, ૧૦ બ્લોસોમીંગમાં કસુંબલ રંગે શ્યામરંગના ખેલમાં ખલેલ કરી છે. નં. ૬ 'બ્લેકક્રોસ'માં પશ્ચાદમાં ટિંગાતા આસમાની રંગે જમાવટ કરી છે. ચિત્ર ખૂબ પ્રભાવકારી લાગે છે નં. ૧૨ શિર્ષક વિહોણું છે અને કશી પ્રસરતાનું પણ અધિકારી થઈ શક્યું નથી.

ભાઈ ખિમાણીમાં સૌંદર્યના તત્ત્વોને પકડવાની નૈસર્ગિક તૃષ્ણા છે પણ એને આકારવા માટે જોઈતી સંવેદના નથી; તરખાટ નથી. કારણ વિના એમને ભરડો લઈને બેઠેલો સંતૃપ્તિનો સાપ એમની ક્રિયાશીલતાનો અવરોધ બન્યો છે. માત્ર નિષ્ઠા જ બસ નથી, હેતુની ગંભીરતા હોવી ઘટે અને વેગીલી બનાવવા તલસાટની તંગ દશા જોઈએ તમન્ના જોઈએ. માત્ર સુંદર અને રૂપકડા આકારો રચવામાં દીર્ઘજીવ કૃતિઓનો હેતુ પર્યાપ્ત થઈ જતો નથી, તે તો નિઃસીમને અફાટ સાગર જેવડા આ સર્જન ક્ષેત્રે મર્યાદાની વાડ બંધાઈ

મળતા પાત્રના અંદરના ... જેમ વધી જાય છે, તેવું જ આ ચિત્રોનું થયું છે.

વૂડકટ પ્રિન્ટ્સમાં પણ કલાકારનું રેખાઓ પરનું નિયંત્રણ પ્રશંસનીય છે. છતાં આ ગ્રાફિક્સ તથા ડ્રોઈન્ગ્સ તેના મૂલ્ય કરતાં ઊતરતાં બની જાય છે તેના 'માઉન્ટિંગ'ને કારણે. 'ટ્રન્ક' નામનું ચિત્ર લાકડા પર જડવામાં આવ્યું છે. નાવીન્યની દૃષ્ટિએ એને ચલાવી લઈએ, પરંતુ ગુંદરના જ્યાં ત્યાં દેખાતા ડાઘ, આજુબાજુની જગ્યાનું પ્રમાણભાન, આ બધાને લીધે ચિત્રને નુકશાન થાય છે તે ધ્યાનમાં લેવાની જરૂર છે. અને એથી જ પ્રભાવશાળી ચિત્રો હોવા છતાં સમગ્ર અસર સામાન્યતાની પડી જાય છે.